**ઓલપાડના મહેરબાન એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ અને એડીશનલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમા, મુ. ઓલપાડ**

**ફો.કેસ નંબર–૧૭૯૪/૨૦૨૫**

**આંક– ૧ લગત હુકમ**

---

(૧) આ કામના આરોપી વિરુદ્ધ ત.ક.અમલદાર દ્વારા કીમ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૪૦૬૮૨૫૦૪૧૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાનીકલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે. રેકર્ડ જોતાં ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને અવાર નવાર પ્રોસેસ ઈશ્યુ કરવા છતા તપાસ એજન્સી દ્વારા આરોપીને આજદિન સુધી પ્રોસેસની યોગ્ય બજવણી કરવામાં આવેલ નહી હોવાનુ રેકર્ડ પરથી ફલીત થાય છે.

(૨) સદર કેસનુ રેકર્ડ વંચાણે લેતા તપાસ એજન્સી દ્વારા આ કામના આરોપીને પ્રોસેસની અસરકારક બજવણી કરાવી શકેલ નથી.જેથી ભવિષ્યમાં પણ તેની મળી આવવાની કોઈ શક્યતા જણાતી નથી ત્યારે આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ની જોગવાઈઓ વંચાણે લેતાં જે નીચે મુજબ છે..

*<u>કલમ–૨૫૮</u> : કેટલાક પ્રસંગમાં કાર્યવાહી બંધ રાખવાની સત્તા.*

*ફરીયાદ ઉપરથી હોય તે સિવાય માંડેલા કોઈ સમન્સ કેસમાં પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરી લઈને બીજા કોઈ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ પોતે લેખીત કારણોસર કોઈ ફેંસલો સંભળાવ્યા વિના કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ કરી શકશે અને મુખ્ય સાક્ષીઓનો પુરાવો નોંધવામાં આવ્યા પછી એવી રીતે કાર્યવાહી બંધ કરવામાં આવી હોય ત્યારે નિર્દોષ ઠરાવ્યાનો ફેંસલો સંભળાવી શકશે અને બીજા કોઈ પ્રસંગે આરોપીને છોડી દઈ શકશે અને આની અસર છુટકારાની છોડી મુકવા જેવી થશે.*

(૩) નામદાર સુપ્રિમ કોર્ટના પી.આર.રાવ વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના જી.એલ.આર.૨૦૦૨, ૧૫૪૯, તેમજ ૨૦૦૯ ક્રિ.લો.જ.૨૨૪૫, રેણુકા વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લીધા.

તેમજ ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લેતાં, હાલનો કેસ સમન્સ/સમરી ટ્રાયબલ ગુનો છે. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ તે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૭ને વંચાણે લેતા, આરોપી ઘણા સમયથી મળી આવતા ન હોય, કેસ સમન્સ/સમરી ટ્રાયબલ હોય, ઉપર જણાવેલ સંજોગો અનુસાર કામ આગળ ચલાવવાનુ ઈષ્ટ જણાતુ નથી. હાલન કેસની હકીકતે જોઈએ તો આ કામના આરોપી વિરુદ્ધ અવારનવાર પ્રોસસ કાઢવામાં આવેલા છે તેમ છતાં તપાસ એજન્સી દ્વારા પ્રોસેસની બજવણી કરી આરોપીને આજદિન સુધી ન્યાયીક કાર્યવાહી માટે હાજર રાખવા પ્રોસેસ બજવવામાં આવેલ નથી. આરોપીની સામે જે ગુનાનો આક્ષેપ છે તે ગુનાની જોગવાઈ ધ્યાનમાં લેવી જરૂરી છે. હાથપરના કેસમાં ફરીયાદીની ફરીયાદ અને ચાર્જશીટ જોતાં સદર ગુનો સમન્સ ટ્રાયબલ હોય અને હાલની પરિસ્થીતીમાં અત્રેની અદાલતમાં કેસનુ ભારણ ધ્યાને લેતાં હાલનો કેસ ખુબ જુનો હોય નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવવાની કે આરોપીની ગેરહાજરીમાં કેસની ટ્રાયલ ચાલ્યા બાદ પણ પ્રોસિક્યુશનને ફળદાયી પરિણામ આવવાની શક્યતા નહિવત જણાય છે ત્યારે ન્યાયના હિતમાં આ તબક્કે આરોપી સામેની હાલની કાર્યવાહી પડતી મુકી અને કામ ફેસલ કરવાનુ યોગ્ય જણાતુ હોય તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી સામેના ભારતીય ન્યાય સંહિતાનીકલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના અન્વયે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબની કેસ કાર્યવાહી બંધ કરી, કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલના કેસમાં આરોપીના જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈને આધિન રહેશે.

(૩) જો ભવિષ્યમાં આરોપી મળી આવે તો પ્રોસીક્યુશનનો કેસ ફરી રીસ્ટોર કરવા હક અબાધિત રાખવામાં આવે છે.

(૪) આથી ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૨૫૮ અન્વયે હાલના આરોપી સામેની કાર્યવાહી પડતી મુકી સબબ કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં આરોપી જ્યારે મળી આવે ત્યારે તેઓની સામે ન્યાયિક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

(૬) વધુમાં આ કામે જો મુદ્દામાલ અંગેનો અગાઉ કરેલ હોય તો તે મુદ્દામાલનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : ઓલપાડ .

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ
કોડ નં.જીજે–૦૧૨૯૦